# સૂચિપત્ર





**ગુજરાતી સાહિત્ય પરિષદ**
ગોવર્ધન ભવન, 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા' પાછળ, નદીકિનારે, આશ્રમમાર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૯ ફોન : ૨૬૫૮૭૯૪૭
E-mail : spamd@vsnl.net
web-site : www.gujaratisabityaparishad.org

# ગુજરાતી સાહિત્ય પરિષદ : પરિચય

ગુજરાતમાં સાહિત્યિક આબોહવા પ્રગટાવવા ગુજરાતના સંસ્કારપુરુષ રણજિતરામ વાવાભાઈના નિષ્ઠાભર્યા પ્રયત્નોથી ઈ.સ. ૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદ અસ્તિત્વમાં આવી અને પરિષદના પ્રથમ સંમેલનના પ્રમુખ તરીકે ગુજરાતીના મહાન નવલકથાકાર ગોવર્ધનરામ ત્રિપાઠીની સેવા સાંપડી. રણજિતરામ પછી ઈ.સ. ૧૯૨૦થી ઈ.સ. ૧૯૨૮ દરમ્યાન રમણભાઈ નીલકંઠ અને આનંદશંકર ધ્રુવનાં પ્રેરણા અને ઉષ્મા પરિષદને પ્રાપ્ત થયાં. ઈ.સ. ૧૯૨૮થી ૧૯૫૫ સુધી પરિષદનું સુકાન કનૈયાલાલ મુનશીએ સંભાળ્યું હતું. આ સમય દરમ્યાન અમદાવાદમાં ઈ.સ. ૧૯૩૬માં યોજાયેલ પરિષદનું બારમું સંમેલન મહાત્મા ગાંધીજીના પ્રમુખપદ અને કવિવર રવીન્દ્રનાથ ટાગોરના અતિથિવ્યાખ્યાનથી અવિસ્મરણીય બની રહ્યું.

ઈ.સ. ૧૯૫૫માં ગોવર્ધનરામની જન્મભૂમિમાં અને એમની જન્મશતાબ્દીના વર્ષે પરિષદ પુનર્જન્મ પામી. એ પછી સાહિત્ય પરિષદના સભ્યો દ્વારા ચૂંટાયેલા હોદ્દેદારો દ્વારા તેનું સંચાલન થાય છે. ઉમાશંકર જોષી અને યશવંત શુક્લે પરિષદનું લોકશાહી અને નૂતન લોકાભિમુખ સ્વરૂપ વિકસાવ્યું. ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં કામ કરતી શિક્ષણ અને સંસ્કારની વિશિષ્ટ સંસ્થાઓમાં પરિષદનાં યોજાયેલાં ચોવીસ જ્ઞાનસત્રો તેની ફલશ્રુતિ છે.

મનુભાઈ પંચોળી 'દર્શકે' પરિષદપ્રમુખ તરીકે સહૃદયી દાતાઓનો મોટા પાયે સંપર્ક કર્યો અને અમદાવાદ ખાતે સાહિત્ય પરિષદના હાલના 'ગોવર્ધનભવન'ના પાયા નંખાયા. રઘુવીરભાઈ ચૌધરીએ ઈ.સ. ૧૯૭૫થી પરિષદના મંત્રી તરીકે અને ક્રમશઃ ટ્રસ્ટી તથા પ્રમુખ રૂપે સક્રિય રહીને પરિષદ સાથે સતત નિસબત દાખવી છે. આ અરસામાં પરિષદના કોશ કાર્યાલય દ્વારા અને પછીથી પરિષદના 'કસ્તૂરભાઈ લાલભાઈ સ્વાધ્યાયમંદિર' દ્વારા ગુજરાતી ભાષાસાહિત્યના સંશોધન-સંપાદન-વિવેચનના મહત્ત્વના ગ્રંથો પ્રકાશિત થયા. આ ઉપરાંત પરિષદનું 'ચીમનલાલ મંગળદાસ જાહેર ગ્રંથાલય' પ્રશિષ્ટ ગ્રંથો, ગ્રંથસંગ્રહો અને સામયિકો સંદર્ભે સમૃદ્ધ થયું; એટલું જ નહીં આ ગ્રંથાલય નજીકના ભવિષ્યમાં પૂર્ણરૂપે કમ્પ્યૂટરાઈઝ કરવાની દિશામાં પ્રયત્નો ગતિમાન થયા છે.



પરિષદના મુખપત્ર 'પરબ'નું સ્વરૂપ બદલાયું અને તે સાહિત્ય-સર્જન-વિવેચન અને સંશોધનના ધ્યાનપાત્ર માસિક તરીકે પ્રતિષ્ઠા પામ્યું.

પરિષદ તરફથી લેખકો-ગ્રંથકારોને ઉત્તેજન મળે, અને ઊંચી કોટિનું સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત થાય એ હેતુથી વ્યાપક પ્રજાકીય દાન દ્વારા વિવિધ વિષયો અને સાહિત્યસ્વરૂપલક્ષી ૩૮ પારિતોષિકો, પરિષદના દર બે વર્ષે યોજાતા જ્ઞાનસત્રમાં અપાય છે તથા મૂલ્યનિષ્ઠ સાહિત્યના સર્જક અને કર્મશીલ સારસ્વતને પ્રતિવર્ષ સ્વામી સચ્ચિદાનંદ સમ્માન અપાય છે. ગુજરાતી ભાષાસાહિત્યના વિવિધ વિષયો પર અધિકૃત વિદ્વાનોનાં વ્યાખ્યાનનો યોજવા માટે પરિષદને સર્જક-પરિવારો તેમજ પ્રજા દ્વારા દાન મળ્યાં છે. તેમાંથી પરિષદ દર વર્ષે ચૌદ વ્યાખ્યાનો સમગ્ર ગુજરાતમાં યોજે છે. આ ઉપરાંત ગુજરાતી ભાષામાં સ્નાતક કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનારાં વિદ્યાર્થી ભાઈબહેનોને પરિષદ પુરસ્કાર આપે છે.

પરિષદના ગોવર્ધનભવનમાં ૩૨૫ બેઠકો ધરાવતું 'રા. વિ. પાઠક સભાગૃહ' છે. શહેરની સાહિત્યિક-સાંસ્કૃતિક-કલાસંસ્થાઓ દ્વારા તેનો ઉપયોગ થાય છે.

ગુજરાતી સાહિત્ય પરિષદને તેના સ્થાપનાકાળથી આજપર્યંત પ્રજાનો વ્યાપક સહકાર મળતો રહ્યો છે. ગુજરાત રાજ્ય સરકારે પરિષદને તેના ગોવર્ધનભવન માટે વિના મૂલ્યે જમીન આપી છે, એટલું જ નહીં, પરિષદની વિવિધ પ્રવૃત્તિઓને સ્વનિર્ભર કરવા માતબર દાન પણ આપેલું છે.

---

જૂનીપુરાણી ચોપડીઓના સંગ્રાહકને એક માણસે કહ્યું : "કંઈકેટલીયે પેટીઓથી ધૂળ ખાતું એક બાઇબલ કાલે જ મેં પસ્તીમાં કાઢ્યું. ગુટન...બર્ગ કે એવા કોઈ માણસનું નામ એમાં મુદ્રક તરીકે હતું."

"ગુટનબર્ગ ! શું વાત કરો છો તમે ?" પેલા પુસ્તકપ્રેમીનો તો જાણે શ્વાસ થંભી ગયો : "તમે એક કીમતીમાં કીમતી પુસ્તક ફેંકી દીધું ત્યારે તો. હમણાં જ તેની એક નકલ સાત અબજમાં હરાજ થઈ."

પેલા ભાઈના પેટનું પાણીય ન હલ્યું. કહે : "હા, પણ મારી નકલનો એક રૂપિયો ય ન ઊપજ્યો હોત, માર્ટિન લ્યૂથર નામના કોઈ માણસે તેમાં ઠેકઠેકાણે નોંધો કરીને ચોપડી બગાડી મારી હતી."

**['રીડર્સ ડાયજેસ્ટ'માંથી]**

[**ગુટનબર્ગ** : છાપકળાનો શોધક; જગતનું સહુ પહેલું છાપેલું પુસ્તક તે એણે સાડા પાંચસો વરસ પહેલાં છાપેલું બાઇબલ.. **માર્ટિન લ્યૂથર** : ૧૬મી સદીનો પ્રસિદ્ધ ધર્મસુધારક. તેની નોંધો થકી તો બાઇબલની એ નકલ તો ઘણી વધુ મૂલ્યવાન ગણાય !]

# પરિષદની પ્રકાશનપ્રવૃત્તિ

ગુજરાતી સાહિત્ય પરિષદની પ્રકાશનપ્રવૃત્તિનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો છે. કનૈયાલાલ મુનશીના સમયમાં અધિવેશનો/સંમેલનો વગેરેના અહેવાલોની પુસ્તિકાઓ પ્રગટ થતી. 'હેમસારસ્વતસત્ર' એ પાટણમાં યોજાયેલ સંમેલનના અહેવાલ રૂપે પ્રગટ થયેલું પુસ્તક છે; તેમજ પરિષદપ્રમુખનાં ભાષણો ભાગ ૧-૨ એ સંચયો રૂપે પ્રગટ થયેલાં પુસ્તકો છે. ઈ.સ. ૧૯૮૨માં 'ગોવર્ધનભવન'ની રચના થયા બાદ પ્રકાશનપ્રવૃત્તિમાં થોડો વેગ આવ્યો. 'પરબ' સામયિક અનિયતકાલિકમાંથી ઈ.સ. ૧૯૭૭ જાન્યુઆરીથી માસિક રૂપે પ્રતિષ્ઠિત થયા પછી 'પરબ'ના વિશેષાંકોમાંથી પુસ્તકપ્રકાશનો થયાં છે. 'શારદાગ્રામ જ્ઞાનસત્ર' પછી ગુજરાતી સાહિત્યના આઠમા, નવમા, દસમા દાયકાનાં પુસ્તકોનું પ્રકાશન થયું.

વળી, પરિષદને પ્રકાશનપ્રવૃત્તિ માટે દાન મળેલાં છે. તેમાંથી વિવિધ પ્રકાશનશ્રેણીઓમાં પુસ્તકો પ્રકાશિત થાય છે. ગુજરાતી સાહિત્યના કેટલાક પ્રશિષ્ટ પણ હાલ અપ્રાપ્ય ગ્રંથો પણ પરિષદે પુનર્મુદ્રિત કરીને પ્રજાને સુલભ કરી આપ્યા છે. વળી તે નવોદિત અને સન્માન્ય સર્જકોની કૃતિઓ પણ પ્રગટ કરે છે. રાજ્ય સરકારની આર્થિક સહાયથી ગુજરાતી સાહિત્ય પરિષદે 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ'ના ગ્રંથો અભ્યાસી વિદ્વાનોના સહયોગથી પ્રકાશિત કર્યા છે; જે ચિમનલાલ ત્રિવેદીની સેવાઓને આભારી છે. જયંત કોઠારીના નેજા નીચે આરંભાયેલો અને ત્રણ ખંડોમાં વિભાજિત 'ગુજરાતી સાહિત્યકોશ' ચન્દ્રકાન્ત ટોપીવાળાના સંપાદનમાં પૂરો થયો છે.

ગુજરાતી ભાષાની પ્રશિષ્ટ તેમજ સર્જાતા સાહિત્યની કૃતિઓ ભાવકોને સુલભ કરી આપવા માટે સાહિત્ય પરિષદે શતાબ્દી ગ્રંથશ્રેણીનો પ્રારંભ કર્યો છે. આ પૂર્વે પરિષદ દ્વારા ઈ.સ. ૧૯૯૧થી વાર્ષિક ગુજરાતી કવિતાચયનો તથા ઈ.સ. ૧૯૯૪-૯૫થી ગુજરાતી નવલિકાચયનો પ્રગટ થાય છે.

ગુજરાતી ભાષાનાં નીવડેલાં પુસ્તકો હિંદી, અંગ્રેજી આદિ અન્ય ભાષાઓમાં પ્રગટ કરવાનો પરિષદનો સંકલ્પ છે. આ સંદર્ભે સદ્. એચ. એમ. પટેલ અનુવાદ અને પ્રકાશનકેન્દ્રની સ્થાપના કરીને તેની કાર્યવાહી આરંભી છે.

---

'બુકસેલર' તો પોતાના શહેરનો જ્ઞાનમાળી બની શકે. એ મોટો સાહિત્ય-સેવક છે. એને વિદ્યાનો નાદ જોઈએ, નવી અભિરુચિ, નવી સાહિત્યદૃષ્ટિ એ કેળવી શકે.

**ઝવેરચંદ મેઘાણી**



## ગુજરાતી સાહિત્ય પરિષદનાં પ્રકાશનો




| શીર્ષક | પ્રકાશન સાલ | લેખન-સંપાદન | કિંમત |
|---|---|---|---|
| રવીન્દ્રસંચય (પ્રકીર્ણ) | ૨૦૦૩ | સં. ભોળાભાઈ પટેલ, અનિલા દલાલ | ૨૪૦ |
| પ્રવચન-શાંતિનિકેતન | ૨૦૦૭ | રવીન્દ્રનાથ ટાગોર, અનુ. નગીનદાસ પારેખ, સં. અનિલા દલાલ | ૧૧૦ |
| **નવલકથા** | | | |
| કોતરની ધાર પર | ૧૯૮૨ | કાનજી પટેલ | ૧૦ |
| જળદુર્ગ | ૧૯૮૩ | રવીન્દ્ર પારેખ | ૨૨ |
| પારસમણિના સ્પર્શે | ૨૦૦૩ | મુકુલ કલાર્થી | ૭૦ |
| **નવલિકા** | | | |
| યુધિષ્ઠિર | ૧૯૬૮ | જયંતિ દલાલ | ૬ |
| હનુમાન લવકુશમિલન | ૧૯૮૨ | ભૂપેશ અધ્વર્યુ | ૧૫ |
| સ્વપ્નવટો | ૧૯૮૬ | રવીન્દ્ર પારેખ | ૨૦ |
| ક્યાંય નહિ, કદી નહિ | ૧૯૯૮ | મનેશચંદ્ર કંસારા | ૯૦ |
| સવ્ય-અપસવ્ય | ૧૯૯૮ | અનિલ વ્યાસ | ૧૨૦ |
| વ્યથાનો અવાજ | ૨૦૦૦ | નીલા શાહ | ૪૦ |
| કાંઠાનું જળ | ૨૦૦૦ | કંદર્પ ર. દેસાઈ | ૭૦ |
| ઉન્મેષ | ૨૦૦૦ | જિતેન્દ્ર પટેલ | ૯૫ |
| પંચતંત્ર (અપ્રાપ્ય) (બી.આ.) | ૨૦૦૦ | સં./અનુ. ભોગીલાલ સાંડેસરા | ૧૮૦ |
| ભાવભૂમિ (અપ્રાપ્ય) | ૨૦૦૨ | સં. ભારતી ર. દવે, રતિલાલ બોરીસાગર, રઘુવીર ચૌધરી | ૧૪૦ |
| વિકલ્પ (લઘુકથા) | ૨૦૦૩ | મોહનલાલ પટેલ | ૧૦૫ |
| તિરાડનો અજવાસ | ૨૦૦૪ | નવનીત જાની | ૯૦ |
| અહા, કેટલી સુંદર ! | ૨૦૦૬ | રજનીકુમાર પંડ્યા | ૮૦ |
| પ્રવેશદ્વાર | ૨૦૦૬ | દીવાન ઠાકોર | ૮૦ |
| ધોધમાર | ૨૦૦૯ | રેણુકા પટેલ | ૭૦ |
| ઉઘાડા આકાશનો એક ટુકડો | ૨૦૦૯ | સુહાસ ઓઝા | ૯૦ |
| કથા-કલરવ | ૨૦૦૯ | સુમંત રાવલ | ૧૦૦ |
| નોળવેલ | ૨૦૧૦ | ગોરધન ભેસાણિયા | ૯૦ |
| લઘુકથાસંચય | ૨૦૦૭ | મોહનલાલ પટેલ, પ્રફુલ્લ રાવલ | ૬૦ |
| પારિજાતક | ૨૦૧૦ | હેમાંગિની રાનડે | ૧૪૦ |



## ગુજરાતી નવલિકાચયન : ૯૪-૯૫થી ઈ.સ. ૨૦૦૮

*'ધૂમકેતુ' નવલિકા પ્રકાશન શ્રેણીમાં દર વર્ષે વિવિધ સામયિકોમાં પ્રકાશિત થયેલી નવલિકાઓ પૈકી વિદ્વાન સંપાદક દ્વારા ઉત્તમ નવલિકાઓનું ચયન કરવામાં આવે છે. આજ પર્યંત આ શ્રેણીમાં દસ પુસ્તકો પ્રકાશિત થયાં છે.*

| | | | |
|---|---|---|---|
| ગુજરાતી નવલિકાચયન-૧૯૯૪-૯૫ | ૧૯૯૮ | સં. વીનેશ અંતાણી | ૧૧૦ |
| ગુજરાતી નવલિકાચયન-૧૯૯૬ | ૧૯૯૮ | સં. કિરીટ દૂધાત | ૬૫ |
| ગુજરાતી નવલિકાચયન-૧૯૯૭ | ૨૦૦૦ | સં. રવીન્દ્ર પારેખ | ૧૧૨ |
| ગુજરાતી નવલિકાચયન-૧૯૯૮ | ૨૦૦૦ | સં. બિપિન પટેલ | ૭૦ |
| ગુજરાતી નવલિકાચયન-૧૯૯૯ | ૨૦૦૧ | સં. યોગેશ જોષી | ૧૦૦ |
| ગુજરાતી નવલિકાચયન-૨૦૦૦ | ૨૦૦૨ | સં. શરીફા વીજળીવાળા | ૮૫ |
| ગુજરાતી નવલિકાચયન-૨૦૦૧ | ૨૦૦૪ | સં. શિરીષ પંચાલ | ૫૫ |
| ગુજરાતી નવલિકાચયન-૨૦૦૨ | ૨૦૦૪ | સં. નવનીત જાની | ૮૦ |
| ગુજરાતી નવલિકાચયન-૨૦૦૩ | ૨૦૦૪ | સં. દીપક રાવલ | ૬૦ |
| ગુજરાતી નવલિકાચયન-૨૦૦૪ | ૨૦૦૬ | સં. ભરત નાયક | ૧૧૫ |
| ગુજરાતી નવલિકાચયન-૨૦૦૫ | ૨૦૦૭ | સં. મોહન પરમાર | ૧૦૦ |
| ગુજરાતી નવલિકાચયન-૨૦૦૬ | ૨૦૦૮ | સં. હસમુખ કે. રાવલ | ૮૦ |
| ગુજરાતી નવલિકાચયન-૨૦૦૭ | ૨૦૦૮ | સં. હિમાંશી શેલત | ૭૫ |
| ગુજરાતી નવલિકાચયન-૨૦૦૮ | ૨૦૦૯ | સં. અજિત ઠાકોર | ૧૧૦ |
| ગુજરાતી નવલિકાચયન-૨૦૦૯ | | સં. પારુલ કંદર્પ દેસાઈ | પ્રેસમાં |

વિદ્યાર્થી જ્યારે પોતાની યુનિવર્સિટી નજીકના પુસ્તકભંડારમાં પ્રવેશ કરે છે ત્યારે એ સ્વશિક્ષણનું જબરું કામ કરે છે. પુસ્તકોની દુકાનમાં અવનવાં પુસ્તકો નિરાંતે જોવાથી એ પોતાની મેળે સાહિત્યની સૃષ્ટિમાં વિહરતાં શીખે છે. પોતાની મેળે પોતાનો માર્ગ શોધવો અને આગળ રસ્તો કરતા જવું એ કેળવણીનું મોટું કામ છે.

**આર્નોલ્ડ ટોયન્બી**

જે ગામને પાદર નથી એ કુગ્રામ છે : જે ગામમાં સાહિત્યની સરિતાને સજીવન રાખનાર એક સારો બુકસેલર નથી તે કુગ્રામ છે.

**ઝવેરચંદ મેઘાણી**

## નાટક



| | | | |
|---|---|---|---|
| સુમનલાલ ટી. દવે | ૧૯૮૨ | સુભાષ શાહ | ૧૦ |
| એકાંકીસંચય ભાગ-૧ | ૧૯૯૫ | સં. વિનોદ અધ્વર્યુ | ૧૦૦ |
| એકાંકીસંચય ભાગ-૨ | ૧૯૯૫ | સં. વિનોદ અધ્વર્યુ | ૧૦૦ |
| યશવંત પંડ્યાનાં એકાંકી | ૨૦૦૦ (સં.આ.) | સં. સતીશ વ્યાસ, મીનલ દવે | ૧૪૦ |
| હાસ્યકૌતુક વ્યંગકૌતુક | ૨૦૦૬ | રવીન્દ્રનાથ ટાગોર, અનુ. રમણલાલ સોની | ૧૦૦ |



## કવિતા

| | | | |
|---|---|---|---|
| કાવ્યો | ૧૯૭૯ | શિવ પંડ્યા | ૧૫ |
| છીપલાં | ૧૯૮૦ | મેઘનાદ હ. ભટ્ટ | ૮ |
| તમારી વસ્તુ | ૧૯૮૦ | અબ્દુલ કરીમ શેખ | ૬ |
| કાવ્યસંચય-૨ | ૧૯૮૦ | સં. ધીરુભાઈ ઠાકર, વ્રજલાલ દવે | ૨૫ |
| કાવ્યસંચય-૧ | ૧૯૮૧ | સં. અનંતરાય રાવળ, હીરાબહેન પાઠક | ૨૫ |
| અસમિયા ગુજરાતી કવિતા | ૧૯૮૧ | સં. ભોળાભાઈ પટેલ | ૧૦ |
| કલ્કિ | ૧૯૮૨ | જયેન્દ્ર શેખડીવાળા | ૧૨ |
| ભોંયબદલો | ૧૯૮૨ | દલપત પઢિયાર | ૧૨ |
| શરૂઆત | ૧૯૮૨ | મહેશ શાહ | ૬ |
| મારા હાથની વાત | ૧૯૮૨ | સરૂપ ધ્રુવ | ૧૦ |
| પંખા વિનાના દેશમાં | ૧૯૮૩ | મણિલાલ હ. પટેલ | ૭.૫૦ |
| પર્યાય તારા નામનો | ૧૯૮૫ | હનીફ સાહિલ | ૧૦ |
| ચતુરચાલીસી | ૧૯૮૬ | સં. મહેન્દ્ર અ. દવે | ૯ |
| અન્ડરગ્રાઉન્ડ | ૧૯૮૮ | વિજુ ગણાત્રા | ૨૦ |
| ધ્રૂજતી પ્યાલી | ૧૯૮૮ | 'સાબિર' વટવા | ૧૨ |
| દરિયાનો પડઘો | ૧૯૮૯ | નવનીત ઉપાધ્યાય | ૧૦ |
| પાંડુકાવ્યો અને ઇતર | ૧૯૮૯ | દિલીપ ઝવેરી | ૨૦ |
| કવિતા | ૧૯૯૩ | સુભાષ મુખોપાધ્યાય | ૨૫ |
| બલાકા | ૧૯૯૩ | રવીન્દ્રનાથ ઠાકુર, અનુ. રાજેન્દ્ર શાહ | ૨૦ |
| ઝલમલટાણું | ૧૯૯૪ | લાલજી કાનપરિયા | ૪૦ |
| સહેજ અજવાળું થયું | ૧૯૯૪ | ભરત વિંઝુડા | ૨૦ |
| તમે ઉકેલો ભેદ | ૧૯૯૬ | રમણીક સોમેશ્વર | ૫૦ |
| કંદરા | ૧૯૯૬ | મનીષા જોષી | ૬૫ |
| સ્વપ્નપ્રયાણ (બી.આ.) | ૧૯૯૭ | હરિશ્ચંદ્ર ભટ્ટ | ૧૩૦ |
| કાવ્યસંચય-૩ (બી.આ.) | ૧૯૯૮ | સં. રમણલાલ જોશી, જયંત પાઠક | ૫૦ |
| અક્ષરનાં ચિતરામણ | ૧૯૯૯ | ડાહ્યાભાઈ પટેલ 'માસૂમ' | ૮૦ |
| અલ્પના | ૨૦૦૦ | દક્ષા વ્યાસ | ૫૦ |
| મલબારીનાં કાવ્યરત્નો | (બી.આ.) ૨૦૦૦ | કવિ મલબારી | ૧૫૦ |
| ઝલક | ૨૦૦૦ | પિનાકિન ઠાકોર | ૬૦ |
| અનુધ્વનિ | ૨૦૦૧ | અનુ. મહેશ દવે | ૫૦ |

| | | | |
|---|---|---|---|
| ઘટમાં ઝાલર બાજે | ૨૦૦૩ | ઉજમશી પરમાર | ૫૦ |
| લોહસાહિત્ય (લોકગીત) (બી.આ.) | ૨૦૦૩ | સં. પ્રભાશંકર તેરૈયા, નરોત્તમ પલાણ | ૫૫ |
| આપણી કવિતાસમૃદ્ધિ (ઉત્તરાર્ધ) | ૨૦૦૪ | સં. ચંદ્રકાન્ત ટોપીવાળા | ૨૨૫ |
| નિરંજન ભગત ઇન ઇંગ્લીશ | ૨૦૦૪ | અનુ. શૈલેશ પારેખ | ૯૫ |
| સ્વાન્તઃ સુખાય | ૨૦૦૫ | લાભશંકર રાવલ | ૫૦ |
| ગીતમંજરી | ૨૦૦૭ | સં. ચંપકલાલ મોદી | ૧૦૦ |
| ડુંગરદેવ | ૨૦૦૭ | કાનજી પટેલ | ૫૦ |
| મારા વંશની સ્ત્રીઓ | ૨૦૦૭ | ઉર્વશી પંડ્યા | ૫૦ |
| કવિતા એટલે આ... (અપ્રાપ્ય) | ૨૦૦૭ | નીતિન વડગામા | ૧૫૦ |
| કૃષ્ણકવિતા : વૃંદાવન મોરલી વાગે છે | ૨૦૦૭ | અનિલા દલાલ | ૧૬૦ |




## ગુજરાતી કવિતાચયન : ઈ.સ. ૧૯૯૧થી ઈ.સ. ૨૦૦૮

*કવિ કાન્ત-બળવંતરાય શતાબ્દી ગ્રંથમાળા અંતર્ગત ઈ.સ. ૧૯૯૧થી શરૂ થયેલી ગુજરાતી કવિતાચયનની યાત્રામાં વિદ્વાન કવિઓએ દર વર્ષે વિવિધ સામયિકોમાં પ્રકાશિત થયેલાં કાવ્યો પૈકી ઉત્તમ કાવ્યોનું ચયન કરી આપ્યું છે. ગુજરાતી કવિતાચયનની આ શ્રેણીમાં પંદર પુસ્તકો પ્રકાશિત થયાં છે.*





| | | | |
|---|---|---|---|
| ગુજરાતી કવિતાચયન-૯૧ | ૧૯૯૨ | સં. હર્ષદ ત્રિવેદી | અપ્રાપ્ય |
| ગુજરાતી કવિતાચયન-૯૨ | ૧૯૯૫ | સં. રમેશ ર. દવે | ૩૬ |
| ગુજરાતી કવિતાચયન-૯૩ | ૧૯૯૫ | સં. ચંદ્રકાન્ત ટોપીવાળા | ૩૦ |
| ગુજરાતી કવિતાચયન-'૯૪ | ૧૯૯૬ | સં. હરિકૃષ્ણ પાઠક | ૭૨ |
| ગુજરાતી કવિતાચયન-'૯૫ | ૧૯૯૮ | સં. રમણ સોની | ૫૦ |
| ગુજરાતી કવિતાચયન-'૯૬ | ૧૯૯૮ | સં. નરોત્તમ પલાણ | ૭૨ |
| ગુજરાતી કવિતાચયન-'૯૭ | ૨૦૦૦ | સં. હેમન્ત દેસાઈ | ૭૦ |
| ગુજરાતી કવિતાચયન-'૯૮ | ૨૦૦૧ | સં. જયદેવ શુક્લ | ૫૦ |
| ગુજરાતી કવિતાચયન-'૯૯ | ૨૦૦૦ | સં. ઉષા ઉપાધ્યાય | ૬૦ |
| ગુજરાતી કવિતાચયન-૨૦૦૦ | ૨૦૦૩ | સં. ધીરેન્દ્ર મહેતા | ૭૫ |
| ગુજરાતી કવિતાચયન-૨૦૦૧ | ૨૦૦૩ | સં. ભાનુપ્રસાદ પંડ્યા | ૬૦ |
| ગુજરાતી કવિતાચયન-૨૦૦૨ | ૨૦૦૪ | સં. રમણીક સોમેશ્વર | ૭૦ |
| ગુજરાતી કવિતાચયન-૨૦૦૩ | ૨૦૦૫ | સં. નીતિન મહેતા | ૯૦ |
| ગુજરાતી કવિતાચયન-૨૦૦૪ | ૨૦૦૭ | સં. નીતિન વડગામા | ૬૫ |
| ગુજરાતી કવિતાચયન-૨૦૦૫ | ૨૦૦૭ | સં. મણિલાલ હ. પટેલ | ૫૫ |
| ગુજરાતી કવિતાચયન-૨૦૦૬ | ૨૦૦૯ | સં. વિનોદ જોશી | ૭૦ |
| ગુજરાતી કવિતાચયન-૨૦૦૭ | ૨૦૦૯ | સં. સંજુ વાળા | ૮૫ |
| ગુજરાતી કવિતાચયન-૨૦૦૮ | ૨૦૧૦ | સં. પુરુરાજ જોષી | ૧૦૦ |
| ગુજરાતી કવિતાચયન-૨૦૦૯ | ૨૦૧૦ | સં. રાજેશ પંડ્યા | પ્રેસમાં |



## વિવેચન

| | | | |
|---|---|---|---|
| આદિવચનો અને બીજાં વ્યાખ્યાનો | ૧૯૪૩ | કનૈયાલાલ મા. મુનશી | ૨૦ |
| પરિષદ પ્રમુખોનાં ભાષણો-૧ (અપ્રા.) (બી.આ.) | ૧૯૭૪ | સંકલન | ૪૮ |
| પરિષદ પ્રમુખોનાં ભાષણો-૨ (અપ્રા.) (બી.આ.) | ૧૯૭૪ | સંકલન | ૫૨ |
| નાટક વિશે | ૧૯૭૪ | જયંતિ દલાલ | ૧૦ |
| ટ્રેજિડી : સાહિત્યમાં ને જીવનમાં | ૧૯૭૮ | ચી. ના. પટેલ | ૧૮ |
| આધુનિક સ્કેન્ડિનેવિયન કવિતાની ભૂમિકા | ૧૯૮૦ | વત્સરાજ ભણોત | ૮.૫૦ |
| ઉર્દૂ અદબ ગુજરાત | ૧૯૮૧ | સં. વારિસ અલવી, એ. એન. કુરેશી | ૧૫ |
| ઉર્દૂ સાહિત્ય અને ગુજરાત | ૧૯૮૧ | સં. રઘુવીર ચૌધરી | ૨૫ |
| વીક્ષા અને નિરીક્ષા | ૧૯૮૧ | નગીનદાસ પારેખ | ૩૦ |
| શબ્દકથા (બી.આ.) | ૧૯૮૩ | હરિવલ્લભ ભાયાણી | ૨૪ |
| સદીનું સરવૈયું | ૧૯૮૩ | સં. રઘુવીર ચૌધરી | ૧૩.૫૦ |
| નર્મદ : આજના સંદર્ભમાં | ૧૯૮૩ | સં. કુમારપાળ દેસાઈ | ૨૫ |
| બાળસાહિત્ય સંગોષ્ઠિ | ૧૯૮૫ | સં. કુમારપાળ દેસાઈ | ૪૦ |
| જયંતિ દલાલ અધ્યયનગ્રંથ | ૧૯૮૬ | રઘુવીર ચૌધરી અને અન્ય | ૫૦ |
| બ. ક. ઠાકોરની કાવ્યવિચારણા | ૧૯૮૭ | અશ્વિન દેસાઈ | ૫૦ |
| પ્રબોધકાળનું ગદ્ય | ૧૯૯૧ | નટવરસિંહ પરમાર | ૫૦ |
| અનુઆધુનિકતાવાદ | ૧૯૯૩ | સં. ભોળાભાઈ પટેલ, ચંદ્રકાન્ત ટોપીવાળા | ૨૦ |
| તુલનાત્મક કાવ્યશાસ્ત્ર : કેટલાંક પરિમાણો | ૧૯૯૪ | સં. ભોળાભાઈ પટેલ | ૧૮ |
| શેક્સ્પિયર (બી.આ.) | ૧૯૯૭ | સંતપ્રસાદ ભટ્ટ | ૧૫૦ |
| સાહિત્ય અને પત્રકારત્વ (બી.આ.) | ૧૯૯૯ | સં. કુમારપાળ દેસાઈ | ૧૩૦ |
| કળા, સાહિત્ય અને વિવેચન | ૨૦૦૦ | પ્રમોદકુમાર પટેલ | ૧૨૦ |
| મમ્મટનો કાવ્યવિચાર (કાવ્યપ્રકાશ) (અપ્રા.)(બી.આ) | ૨૦૦૦ | નગીનદાસ પારેખ | ૩૦૦ |
| ભાષાશાસ્ત્રની કેડીએ | ૨૦૦૧ | ઊર્મિ દેસાઈ | ૧૭૫ |
| અજ્ઞેય | ૨૦૦૨ | રમેશચંદ્ર શાહ અનુ. સુનીતા શાહ | ૩૫ |
| દલપતરામ | ૨૦૦૨ | ચંદ્રકાન્ત ટોપીવાળા | ૩૫ |
| ધૂમકેતુ | ૨૦૦૨ | ઈલા નાયક | ૩૫ |
| રમણભાઈ નીલકંઠ | ૨૦૦૨ | રતિલાલ બોરીસાગર | ૩૫ |
| ફણીશ્વરનાથ 'રેણુ' : સુરેન્દ્ર ચૌધરી | ૨૦૦૩ | અનુ. બિંદુ ભટ્ટ | ૩૫ |

| | | | |
|---|---|---|---|
| નામ્મલ્વર : એ. શ્રીનિવાસ રાઘવન | ૨૦૦૩ | અનુ. યશોધન જોષી | ૩૫ |
| બસવેશ્વર : એચ. થિપ્પેરુદ્રસ્વામી | ૨૦૦૩ | અનુ. બિપિન પટેલ | ૩૫ |
| તુકારામ : ભાલચંદ્ર નેમાડે | ૨૦૦૩ | અનુ. હીરાલાલ પી. શાહ | ૩૫ |
| ગાલિબ : મોહમ્મદ મુજિબ | ૨૦૦૩ | અનુ. ચાંદબીબી શેખ | ૩૫ |
| મણિલાલ ન. દ્વિવેદી : ધીરુભાઈ ઠાકર | ૨૦૦૩ | અનુ. લાભશંકર પુરોહિત | ૩૫ |
| વિવેચક ઉમાશંકર | ૨૦૦૩ | સં. ચંદ્રકાન્ત ટોપીવાળા | ૩૦ |
| ગુજરાતી સાહિત્યનો દસમો દાયકો | ૨૦૦૩ | મુ.સં. ભોળાભાઈ પટેલ સહસં. રમેશ ર. દવે, પારુલ કં. દેસાઈ, સંજય શ્રીપાદ ભાવે | ૯૦ |
| યુગદ્રષ્ટા ઉમાશંકર (બી.સં.આ.) | ૨૦૦૩ | સં. ચંદ્રકાન્ત શેઠ, રઘુવીર ચૌધરી, ભોળાભાઈ પટેલ, ધીરુ પરીખ | ૨૩૦ |
| એચ.એમ.નો અક્ષરદેહ | ૨૦૦૩ | સં. દિલાવરસિંહ જાડેજા, રમેશ એમ. ત્રિવેદી, સુધીર મુખર્જી | ૧૫૦ |
| આપણું વિવેચનસાહિત્ય | ૨૦૦૪ | હીરાબહેન મહેતા | ૧૦૦ |
| ધ્વન્યાલોક | ૨૦૦૪ | નગીનદાસ પારેખ | ૨૨૦ |
| બ. ક. ઠાકોર | ૨૦૦૪ | શિરીષ પંચાલ | ૩૫ |
| હજારીપ્રસાદ દ્વિવેદી | ૨૦૦૬ | વિશ્વનાથપ્રસાદ તિવારી, અનુ. રજનીકાંત જોશી | ૩૫ |
| થિએટર નામે ઘટના | ૨૦૦૬ | હસમુખ બારાડી | ૧૨૦ |
| 'પરબ'સૂચિ | ૨૦૦૭ | સં. ઇતુભાઈ કુરકુટિયા, પારુલ કં. દેસાઈ, રમેશ ર. દવે | ૨૬૦ |
| ઇતિહાસ, સમાજ અને સાહિત્યમાં ગુજરાત | ૨૦૦૮ | મકરન્દ મહેતા | ૯૦ |
| ઉમાશંકરનો વાઙ્‌વૈભવ : ૧ | ૨૦૦૮ | ચંદ્રકાન્ત શેઠ | ૨૨૦ |
| ઉમાશંકરનો વાઙ્‌વૈભવ : ૨ | ૨૦૦૮ | ચંદ્રકાન્ત શેઠ | ૨૦૦ |
| ઉમાશંકરનો વાઙ્‌વૈભવ : ૩ | ૨૦૦૮ | ચંદ્રકાન્ત શેઠ | ૧૭૦ |
| પન્નાલાલનું પ્રદાન (બી.આ.) | ૨૦૦૮ | રઘુવીર ચૌધરી, રમેશ ર. દવે | ૨૨૦ |
| જ્ઞાનસત્ર : વ્યાખ્યાનો | ૨૦૦૯ | પ્રફુલ્લ રાવલ | ૧૫૦ |
| ગુજરાતી નાટક | ૨૦૦૯ | સતીશ વ્યાસ | ૧૭૫ |
| અમે બોલીએ છીએ | ૨૦૦૯ | શાંતિલાલ આચાર્ય | ૩૦૦ |
| અનાર્યનાં અડપલાં (પુનર્મુ.) | ૨૦૦૭ | જ. એ. સંજાના | ૧૩૦ |




સારો વાચક ચોપડી માત્ર વાંચી નથી નાખતો : ફરી ફરી વાંચે છે. પોતાનાં પુસ્તકોનું નિત્ય સેવન કરનાર જ મોટો વાચક છે, જીવંત અને સર્જનશીલ વાચક છે – અને એ જ ખરો વાચક છે.

**વ્લાદીમીર નોબોકોવ**



## ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ ૧થી ૪

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ૧૯૬૭થી ૧૯૮૧નાં વર્ષો દરમ્યાન ગુજરાત રાજ્ય સરકારની આર્થિક સહાયથી 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથ શ્રેણીના ચાર ગ્રંથો પ્રકાશિત થયા હતા.



(૧) ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ : ૧
(પ્રાચીન કાળ : ઈ.સ. ૧૧૫૦થી ઈ.સ. ૧૪૫૦)

(૨) ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ : ૨ ખંડ : ૧-૨
(મધ્યકાળ : ઈ.સ. ૧૪૫૦થી ૧૮૫૦)

(૩) ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ : ૩
(દલપતરામથી કલાપી : ઈ.સ. ૧૮૨૦થી ૧૮૭૪)

(૪) ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ : ૪
(ન્હાનાલાલથી ઝવેરચંદ મેઘાણી : ઈ.સ. ૧૮૭૭થી ૧૯૮૫)

ઉપરોક્ત ચારેય ગ્રંથના સંપાદકો તરીકે સર્વ શ્રી ઉમાશંકર જોષી, અનંતરાય રાવળ, યશવંત શુક્લની સેવા સાંપડી છે તથા શ્રી ચિમનલાલ ત્રિવેદીની સહાયક સંપાદક રૂપે સેવા સાંપડી છે. આ ચારેય ગ્રંથો વર્ષોથી અપ્રાપ્ય થતાં તેની સંવર્ધિત પુનર્મુદ્રિત આવૃત્તિનું સંપાદન શ્રી રમણ સોનીએ અને પરામર્શન ચિમનલાલ ત્રિવેદીએ કર્યું છે.

## ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ ૫-૬

(૫) ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૫
(ગાંધીયુગીન-અનુગાંધીયુગીન કવિઓ : ઈ.સ. ૧૮૯૫થી ૧૯૩૫)

(૬) ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ : ૬
(ગાંધીયુગીન-અનુગાંધીયુગીન ગદ્યસર્જકો : ઈ.સ. ૧૮૯૫થી ૧૯૩૫)



* ઉપરોક્ત ગ્રંથ-૫નો આરંભ સહોદર કવિ સુન્દરમ્-ઉમાશંકરથી થાય છે અને આધુનિક ગુજરાતી કવિતાની આબોહવા બાંધનારા કવિઓ નિરંજન ભગત, હસમુખ પાઠક અને નલિન રાવળને આવરી લે છે.
* ઉપરોક્ત ગ્રંથ-૬નો આરંભ પન્નાલાલ પટેલ, જયંતિ દલાલ, ચં. ચી. મહેતા, 'દર્શક' વગેરે સર્જકોથી થાય છે અને જયંત ખત્રી, કેતન મુનશી, નારાયણ દેસાઈ, મુકુન્દરાય પારાશર્ય, રસિક

ઝવેરીને આવરી લે છે.

ઉપરોક્ત બંને ગ્રંથના સંપાદક તરીકેનું કાર્ય રમેશ ર. દવેએ, સંપાદન સહાયનું કાર્ય પારુલ કં. દેસાઈએ કર્યું છે. તથા પરામર્શક તરીકે ચિમનલાલ ત્રિવેદીની સેવા સાંપડી છે.

| | | | |
|---|---|---|---|
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૧ (બી.આ.) | ૨૦૦૧ | શોધન-સંપાદન : રમણ સોની<br>પરામર્શન : ચિમનલાલ ત્રિવેદી | ૧૪૦ |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ : ૨ ખંડ : ૧ (બી.આ.) | ૨૦૦૧ | શોધન-સંપાદન : રમણ સોની<br>પરામર્શન : ચિમનલાલ ત્રિવેદી | ૨૦૦ |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ભાગ-૨ ખંડ : ૨ | ૨૦૦૪ | શોધન-સંપાદન : રમણ સોની<br>પરામર્શન : ચિમનલાલ ત્રિવેદી | ૧૫૫ |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ભાગ-૩ | ૨૦૦૫ | શોધન-સંપાદન : રમણ સોની<br>પરામર્શન : ચિમનલાલ ત્રિવેદી | ૨૫૦ |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ભાગ-૪ | ૨૦૦૫ | શોધન-સંપાદન : રમણ સોની<br>પરામર્શન : ચિમનલાલ ત્રિવેદી | ૨૨૫ |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ભાગ-૫ | ૨૦૦૫ | સં. રમેશ ર. દવે, સં. સહાય પારુલ કં. દેસાઈ,<br>પરામર્શન : ચિમનલાલ ત્રિવેદી | ૧૭૦ |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ભાગ-૬ | ૨૦૦૬ | સં. રમેશ ર. દવે, સં. સહાય પારુલ કં. દેસાઈ,<br>પરામર્શન : ચિમનલાલ ત્રિવેદી | ૨૪૦ |

જેમ પુસ્તકાલયનો ગ્રંથપાલ એ સર્વજ્ઞ જેવો હોય છે, તે તે વિષયના અધ્યાપકને પણ દોરવણી આપી શકે એટલી માહિતી ધરાવનારો હોય છે, તેમ પ્રકાશક પણ લેખકોના જેટલો જ સમાજહિતૈષી હોઈ શકે છે. ઊંચી ભાવનાવાળો લેખક જેમ લોકસંગ્રહની દૃષ્ટિએ જ કલમ ઉપાડે છે, તેમ ઊંચી કોટિનો પ્રકાશક પણ લોકસંગ્રહની દૃષ્ટિએ પોતાનું પ્રકાશનકાર્ય કરે છે.

**ઉમાશંકર જોશી**

સરસ્વતી પ્રકાશની ઘૂઘવતી સરિતા છે. પ્રકાશ પ્રસરે છે અને પ્રતિભાઓ ઝળકી ઊઠે છે.

**ઋગ્વેદ**

પુસ્તકો ખરીદતી વખતે સાથોસાથ, એ વાંચવાનો સમય પણ વેચાતો મળી શકતો હોય તો કેવું સારું !



## કોશ



| | | | |
|---|---|---|---|
| આધુનિક સાહિત્યસંજ્ઞાકોશ | ૧૯૮૬ | સં. ચંદ્રકાન્ત ટોપીવાળા, પરેશ નાયક, હર્ષવદન ત્રિવેદી | ૭૦ |
| વિશિષ્ટ સાહિત્ય સંજ્ઞાકોશ | ૧૯૮૮ | સં. ચંદ્રકાન્ત ટોપીવાળા | ૩૫ |
| ગુજરાતી ટૂંકી વાર્તાકોશ | ૧૯૯૦ | સં. ચંદ્રકાન્ત ટોપીવાળા, રમેશ ર. દવે | ૨૦ |
| મધ્યકાલીન કૃતિસૂચિ | ૨૦૦૪ | સં. કીર્તિદા શાહ | ૨૪૦ |
| ભીલી ગુજરાતી શબ્દકોશ | ૨૦૦૬ | શાંતિલાલ આચાર્ય | ૫૫ |
| ગુજરાતી લેખિકાસૂચિ | ૨૦૦૯ | દીપ્તિ શાહ | ૯૦ |

### ગુજરાતી સાહિત્યકોશ : ખંડ ૧, ૨, ૩

| | | | |
|---|---|---|---|
| ગુજરાતી સાહિત્યકોશ-૧ (મધ્યકાળ) | ૧૯૮૯ | સં. જયંત કોઠારી, જયન્ત ગાડીત, ચંદ્રકાન્ત ટોપીવાળા, રમણ સોની | ૪૦૦ |
| ગુજરાતી સાહિત્યકોશ-૨ (અર્વાચીનકાળ) | ૧૯૯૦ | સં. ચંદ્રકાન્ત ટોપીવાળા, રમણ સોની, રમેશ ર. દવે | ૪૦૦ |
| ગુજરાતી સાહિત્યકોશ-૩ (પ્રકીર્ણ) (અપ્રાપ્ય) | ૧૯૯૬ | સં. ચંદ્રકાન્ત ટોપીવાળા, રમેશ ર. દવે | ૪૦૦ |



*ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારનો કોશ આજ પર્યંત ઉપલબ્ધ નહોતો. ગુજરાતી સાહિત્ય સાથે સંબંધિત દરેક વસ્તુની માહિતી ઉપલબ્ધ થાય એવો સર્વગ્રાહી બૃહત્‌કોશની દિશાનો આ પ્રયાસ છે. પહેલા ખંડમાં મધ્યકાલીન કર્તાઓ અને કૃતિઓ, બીજા ખંડમાં અર્વાચીન કર્તાઓ અને કૃતિઓ અને ત્રીજા ખંડમાં સાહિત્યપ્રકારો, સાહિત્યપ્રવાહો, પરિબળો, સાહિત્યિક વિભાવનાઓ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.*

(૧) ગુજરાતી સાહિત્યકોશ (મધ્યકાળ) : ખંડ-૧ :
(૧૨મી સદીથી ઈ.સ. ૧૮૫૦), મુખ્ય સંપાદકો : જયંત કોઠારી, જયંત ગાડીત, સંપાદક : ચંદ્રકાન્ત શેઠ

(૨) ગુજરાતી સાહિત્યકોશ (અર્વાચીનકાળ) : ખંડ-૨ :
(ઈ.સ. ૧૮૫૦થી ઈ.સ. ૧૯૫૦) મુખ્ય સંપાદક : ચંદ્રકાન્ત ટોપીવાળા, સંપાદકો : રમણ સોની, રમેશ ર. દવે

(૩) ગુજરાતી સાહિત્યકોશ (સાહિત્ય પ્રકીર્ણ) : ખંડ-૩ :
મુખ્ય સંપાદક : ચંદ્રકાન્ત ટોપીવાળા, સંપાદક : રમેશ ર. દવે

## સંસ્મરણ, જીવનચરિત્ર, નિબંધ, અન્ય

| | | | |
|---|---|---|---|
| પૂર્વવાહિની | ૧૯૮૧ | જ્યોતિ થાનકી | ૧૮ |
| ગદ્યસંચય-૧ | ૧૯૮૨ | સં. ઉપેન્દ્ર પંડ્યા, પ્રમોદકુમાર પટેલ | ૩૦ |
| ગદ્યસંચય-૨ | ૧૯૮૨ | સં. યશવંત શુક્લ, પ્રવીણ દરજી | ૩૨ |
| રણજિતરામ ગદ્યસંચય-૧ | ૧૯૮૨ | રણજિતરામ વા. મહેતા | ૪૦ |
| રણજિતરામ ગદ્યસંચય-૨ | ૧૯૮૨ | રણજિતરામ વા. મહેતા | ૪૫ |
| શબ્દવેધ | ૧૯૮૩ | જયન્ત પંડ્યા | ૨૮ |
| જગભેરુ જયંતિ દલાલ | ૧૯૮૬ | સં. રઘુવીર ચૌધરી, પ્રકાશ ન. શાહ, પરેશ નાયક, રમેશ ર. દવે | ૪૦ |
| સ્વરાજધર્મ | ૧૯૯૬ | મનુભાઈ પંચોળી 'દર્શક' | ૭૦ |
| દીઠે અડસઠ જાત્ર | ૧૯૯૯ | દર્શના ધોળકિયા | ૬૫ |
| ધૂપસળી (છ.આ.) | ૨૦૦૦ | ઈશ્વર પેટલીકર | ૧૦૦ |
| ભારતીય સંસ્કૃતિ | ૨૦૦૦ | સાને ગુરુજી | ૧૪૦ |
| ખરી પડે છે પીછું | ૨૦૦૨ | રીના મહેતા | ૮૫ |
| પ્રભાશંકર પટ્ટણી (ત્રી.સં.આ.) | ૨૦૦૨ | મુકુંદરાય પારાશર્ય | ૮૦ |
| હું (આત્મકથા) (પુનર્મુ.) | ૨૦૦૨ | શ્રીકાન્ત આપ્ટે | ૭૦ |
| માતૃદર્શન | ૨૦૦૩ | મુકુલ કલાર્થી | ૮૦ |
| ગિરાસમાં એક ડુંગરી | ૨૦૦૩ | મરિયા શ્રેસ મિત્સકા | ૧૧૦ |
| સાફલ્યટાણું (બી.આ.) | ૨૦૦૩ | ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ' | ૧૪૫ |
| ન્યાયની કેડીએ | ૨૦૦૪ | ચિન્મય જાની | ૮૫ |
| બૌદ્ધિકોની ભૂમિકા અને બીજા લેખો | ૨૦૦૪ | રમેશ બી. શાહ | ૧૩૦ |
| ગાંધીજી : કેટલાક સ્વાધ્યાયલેખો | ૨૦૦૫ | નગીનદાસ પારેખ | ૧૦૦ |
| શનિમેખલા | ૨૦૦૫ | મધુસૂદન ઢાંકી | ૯૦ |
| વિનોદ ચોત્રીસી | ૨૦૦૫ | કાંતિલાલ બી. શાહ | ૧૬૦ |
| મુકામ શાંતિનિકેતન (બી.આ.) | ૨૦૦૯ | પુ. લ. દેશપાંડે, અનુ. અરુણા જાડેજા | ૧૦૦ |
| સંસ્કૃતિસંદર્ભ | ૨૦૦૭ | રઘુવીર ચૌધરી | ૨૫૦ |
| મહારાજના મુખેથી અને બીજી વાતો | ૨૦૦૭ | સં. મગનભાઈ જો. પટેલ | ૧૪૦ |
| મારો અસબાબ | ૨૦૦૮ | જનક ત્રિવેદી | ૮૦ |
| ન. પ્ર. બુચની શ્રેષ્ઠ હાસ્યરચનાઓ | ૨૦૦૭ | સં. રતિલાલ બોરીસાગર | ૧૦૦ |
| યાત્રિક | ૨૦૦૯ | સુજ્ઞા શાહ | ૯૫ |
| નહિ વીસરાતા ચહેરા | ૨૦૦૯ | પ્રફુલ્લ રાવલ | ૧૧૦ |
| Beyond the beaten track | ૨૦૦૯ | Pradip N. Khandwala | ૩૯૫ |





| | | | |
|---|---|---|---|
| ઓળખ્યા એવા આલેખ્યા | ૨૦૦૭ | મુનિકુમાર પંડ્યા | ૯૦ |
| આંબાવાડી | ૨૦૦૭ | ગભરુ ભડિયાદરા | ૫૦ |

## બાળસાહિત્ય



| | | | |
|---|---|---|---|
| પીપરમીંટ વાવી | ૧૯૯૩ | વિમળા મહેતા | ૧૫ |
| ડૉક્ટર કબૂતર | ૧૯૯૩ | વિમલા મહેતા | ૧૫ |
| કીકીની ડાબડી | ૧૯૯૬ | નટવર પટેલ | ૨૦ |
| એ તો નાનાં બાળ | ૧૯૯૬ | ઉપેન્દ્ર ર. ભટ્ટ | ૨૫ |
| આમલી પીપળી | ૧૯૯૮ | ધીરેન્દ્રસિંહ રાઠોડ | ૨૦ |
| વખણાતી વાતો | ૧૯૯૬ | મોહનભાઈ ભાવસાર 'દીનબંધુ' | ૨૫ |
| વાંચો રે વાર્તા | ૧૯૯૬ | ફિલિપ ક્લાર્ક | ૨૦ |
| સ્વપ્નનગર | ૧૯૯૬ | સુશીલા ઝવેરી | ૩૦ |
| કલરવ | ૨૦૦૨ | મૃદુલા માત્રાવાડિયા | ૨૭ |
| મળે સૂરમાં સૂર | ૨૦૦૨ | ફિલિપ ક્લાર્ક | ૧૫ |
| ઝરમરિયાં | ૨૦૦૨ | ધીરેન્દ્રસિંહ રાઠોડ | ૧૫ |
| સાત ચરિત્રો | (ત્રી.આ.) ૨૦૦૩ | નગીનદાસ પારેખ | ૫૦ |
| કુમારકથાઓ | ૨૦૦૩ | ઉપેન્દ્ર ર. ભટ્ટ | ૨૫ |
| ઈન્દ્રધનુ | ૨૦૦૭ | યશવંત કડીકર | ૫૫ |
| નાનાંની દુનિયા | ૨૦૦૭ | યશવંત કડીકર | ૨૪ |

**સંપર્ક**
ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭
E-mail : gspamd@vsnl.net
Web-site : www.gujaratisahityaparishad.org

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત પુસ્તકોના અધિકૃત વિક્રેતા તરીકે 'ગ્રંથાગાર' ગોવર્ધનભવનમાં કામગીરી બજાવે છે.

## મહારાજના મુખેથી અને બીજી વાતો

ગાંધીવિચારના વિદ્વાન શ્રી મગનભાઈ જો. પટેલ સંપાદિત શ્રી રવિશંકર મહારાજનું આ પુસ્તક મહારાજનાં વ્યક્તિત્વ, વાણી અને વિચારનું યથાર્થ દર્શન કરાવે છે. મગનભાઈ દાદાની ભૂદાન પદયાત્રામાં એમની અંગત સેવા માટે જોડાયા હતા. આમ દાદાના અંતેવાસી બનેલા એમણે દાદાના જીવન, વિચાર અને કાર્યની ઝાંખી કરાવતી પાંચ પુસ્તિકાઓ સંપાદિત કરેલી. એ પુસ્તિકાઓનું એમણે પુનઃ સંપાદન કરી આપ્યું છે.

## સંસ્કૃતિસંદર્ભ




''જીવનાં સત્ય-શિવ-સુંદર સર્વ લોક માટે છે. ખેડૂત અને શ્રમજીવી સુધી પહોંચવું એ સાહિત્ય અને કલાનો ગુણ ગણાય, મર્યાદા નહીં. જીવનને ઉન્નત કરનારાં તત્ત્વો એ કંઈ ભદ્ર વર્ગનો વિશેષાધિકાર નથી'' – રઘુવીર ચૌધરીએ આવા ધ્યાનમંત્રથી સંપાદિત કરેલો ગ્રંથ 'સંસ્કૃતિસંદર્ભ' મણિલાલ નભુભાઈ દ્વિવેદીથી આરંભી પરેશ નાયક સુધીના સંસ્કૃતિચિંતકોએ તત્ત્વમસિ, આત્મજ્ઞાન, મુક્તિનાં સાધન, બ્રહ્મવિદ્યા, હિન્દુસ્તાન કેમ ગયું ?, ઈશ્વર તત્ત્વ, ઉપનિષદ, દખ્ખણનો દેવ, ઇતિહાસનું જ્ઞાન, ગાંધીજીનો સાહિત્ય-કલા-વિચાર, વિવેચનનો આદર્શ, મહાભારત એક ધર્મકાવ્ય, ભારતીય સંસ્કૃતિ : આજના સંદર્ભમાં, ગાંધી : ૧૯૯૪ અને કલાજીવન – જેવા વિવિધ વિષય-પડાવો-મંઝિલ સહિત કરેલી સાંસ્કૃતિક ચિંતનચર્યાને સમાવે છે.

## વૃંદાવન મોરલી વાગે છે : ભારતીય કૃષ્ણકવિતા

સંસ્કૃત, ગુજરાતી, હિંદી, બંગાળી આદિ ભારતીય ભાષાઓ અને લોકસાહિત્યમાંથી પસંદ કરીને ૩૨૧ જેટલાં કૃષ્ણવિષયક પદ, કીર્તન કે ગાન આ પુસ્તકમાં પ્રસ્તુત કર્યાં છે.

આ સમયમાં સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, બંગાળી, અસમિયા, ઓડિયા, મરાઠી, તમિળ અને કન્નડા ભાષાઓની મધ્યકાલીન મૂળ વૈષ્ણવ કાવ્યધારા ગુજરાતી લિપ્યન્તર અને અનુવાદ સાથે છે. વળી દરેક ભાષાની કૃષ્ણ કાવ્યપરંપરા વિશે પરિચય પણ છે. કૃષ્ણકવિતાની આવી દ્વિભાષી આવૃત્તિ ગુજરાતીમાં સૌપ્રથમ પ્રગટ થઈ રહી છે.

## પ્રવચન-શાંતિનિકેતન

૧૮૯૧માં બાંધેલ કાચના કમનીય ઉપાસનામંદિરમાં અનેક બુધવારોની સવારે રવીન્દ્રનાથે આપેલાં પ્રવચનો 'શાંતિનિકેતન' નામથી રવીન્દ્રનાથે સંપાદિત કરેલાં. ગુજરાતીમાં નગીનદાસ પારેખે ત્રણ ભાગમાં એનો અનુવાદ કરેલો. અહીં એમાંથી પસંદ કરીને પ્રવચનો આપ્યાં છે.

## પરબસૂચિ


ચાર દાયકાથીય વધારે સમયથી પ્રકાશિત થતું ગુજરાતી સાહિત્ય પરિષદનું મુખપત્ર 'પરબ' ગુજરાતીનાં ઉત્તમ સાહિત્યિક સામયિકોમાં અગ્રસ્થાને રહ્યું છે. કવિતા, વાર્તા, નિબંધ આદિ સર્જનાત્મક કૃતિઓ ઉપરાંત વિશેષે તેમાં વિવેચન સાહિત્યના અભ્યાસલેખો અને ગ્રંથાવલોકનો આદિ સામગ્રીથી સાંપ્રતિક ગુજરાતી સાહિત્યની ગતિવિધિનો જીવંત આલેખ મળે છે. આમ હોઈને 'પરબ'ની વીતેલાં વર્ષોની ફાઈલો સાહિત્યના વર્તમાન તેમ જ ભાવિ જિજ્ઞાસુઓ માટે મહત્ત્વના સ્રોત સમાન છે.



## ગુજરાતી સાહિત્યકોશ

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ત્રણ ગ્રંથોમાં પ્રકાશિત 'ગુજરાતી સાહિત્યકોશ' ગ્રંથશ્રેણીમાં 'મરાઠી વાઙ્મયકોશ'ના સ્વરૂપને લક્ષ્યમાં લઈને, ગુજરાતી સાહિત્યની ઈ.સ. બારમી સદીથી આરંભીને ૧૯૫૦ સુધીની, કર્તા અને કૃતિલક્ષી ગતિવિધિનું આલેખન થયું છે. મધ્યકાલીનયુગની સામગ્રીને સમાવતા તેના પ્રથમ ગ્રંથમાં ઈ.સ. ૧૨૦૦થી ઈ.સ. ૧૮૫૦ સુધીનાં કર્તા અને તેમની કૃતિઓ વિશે વાત થઈ છે. તો ગુજરાતી સાહિત્યના અર્વાચીન યુગને આવરી લેતા તેના બીજા ગ્રંથમાં, ઈ.સ. ૧૮૫૧થી ૧૯૫૦ દરમ્યાન જન્મેલા સાહિત્યકારો અને એ સમયગાળામાં પ્રકાશિત એમની કૃતિઓ વિશેનાં નવ હજાર (૯,૦૦૦) અધિકરણો છે. ગુજરાતી સાહિત્યના સર્જકો અને તેમની કૃતિઓ સિવાયની પ્રકીર્ણ સામગ્રીને સમાવતા આ શ્રેણીના ત્રીજા ગ્રંથમાં – ગુજરાતી ભાષા અને સાહિત્યના ઉદ્‌ભવ અને વિકાસનો ઇતિહાસ, ગુજરાતી સાહિત્યસ્વરૂપો અને પ્રકારોની ઉત્ક્રાંતિ, સાહિત્યશાસ્ત્રનાં વિભાવનાત્મક પાસાઓ, સાહિત્યિકવાદો, સાંસ્કૃતિક સંદર્ભો, આધારગ્રંથો, સાહિત્યિક સંસ્થાઓ, સાહિત્યિક પારિતોષિકો અને સામયિકો – જેવાં ગુજરાતી ભાષા અને સાહિત્યના ઉદ્‌ભવ, વિકાસ અને વિસ્તાર-પ્રસારમાં સહાયક નીવડેલાં મહત્ત્વનાં પરિબળોનું આલેખન થયું છે.

ગુજરાત રાજ્ય સરકારના ઉદાર અનુદાનથી અને સદ્. જયંત કોઠારી તથા સર્વશ્રી ચંદ્રકાન્ત શેઠ, ચન્દ્રકાન્ત ટોપીવાળા, જયંત ગાડીત, રમણ સોની અને રમેશ ર. દવે જેવા વિદ્વાનોની ખંત-ચીવટભરી સંપાદન-સંશોધનનિષ્ઠા અને અથક પરિશ્રમથી ૧૬ વર્ષોમાં સંપન્ન થયેલી આ ૨૧×૨૮ સે.મી. કદનાં ૧૭૮૫ પૃષ્ઠો અને ૧૨૦૦ રૂપિયા કિંમત ધરાવતી ગ્રંથશ્રેણી ઉભય અર્થોમાં અ-પૂર્વ છે.



તમારી લાઇબ્રેરીમાં ત્રણ પ્રકારનાં પુસ્તકો સંગ્રહવાં જોઈએ : એક તો ધંધાને લગતાં, જેને ધંધાનાં ઓજાર કહીએ. બીજાં, શોખથી પસંદ કરેલા વિષયને લગતાં : મિત્ર, સોબતી અને સલાહકાર. ત્રીજાં, જીવનનો ઉદ્દેશ સમજાવનાર અને અનુભવમાં લાવી આપનાર. જો પચાસેક – અરે, ત્રીસેક પણ સારાં પુસ્તકો પસંદ કરીને રાખવામાં આવે તો અમૂલ્ય ધન થઈ પડે અને જિંદગીપર્યંત આનંદ આપી શકે પણ જો પસંદગી ખરાબ થાય તો હજારો રૂપિયા ખર્ચો અને આડોઅવળો કચરો એકઠો કરો પણ એથી કંઈ જ લાભ થવાનો નહીં, ઊલટી હાનિ થવાની.

**આનંદશંકર બા. ધ્રુવ**

પુસ્તકો આપણા સૌ માટે શી ચીજ છે તે વાત ઉપર આનંદશંકરભાઈએ સરસ રીતે સમજાવી છે. અનેક વિદ્વાન વિચારકોએ પુસ્તકની 'ભૂરિ ભૂરિ' પ્રશંસા કરી છે અને જમાને જમાને એ સાચી ઠરતી રહી છે.

વિજાણુ દશ્ય-શ્રાવ્ય માધ્યમોના તીવ્ર પ્રભાવના આ સમયમાં પણ પુસ્તક મારા, તમારા ચિત્તને સંકોરવાના કામમાં, સ્થળ અને સમયની બાબતે ભાવકને જે નિર્બંધ સ્વાતંત્ર્ય બક્ષે છે તે રેડિયો કે ટેલિવિઝન સંદર્ભે કદાપિ સંભવિત નથી.

તેથી જ એક અડગ આશ્વાસન અકબંધ રહે છે કે આ નવાં મનોરંજન માધ્યમોનો જુવાળ શમશે અને ખિસ્સાને પોસાતી, ખિસ્સામાં સમાઈ શકતી આ ગ્રંથભૂમિ તેની મહત્તા ટકાવી રાખશે.

અહીં આપની સમક્ષ કેટલાંક ઉલ્લેખનીય પુસ્તકોની માહિતી સાદર રજૂ કરી છે. અપેક્ષા છે, એ તમારામાંના વાચકને જાગૃત કરશે.

**રઘુવીર ચૌધરી**

